ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



મેંગો મહોત્સવનું આકર્ષણ - શહેરના મધ્યમાં રામકથા મેદાન ખાતે છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાષ્ટ્રીય મેંગો મહોત્સવમાં નગરજનોનો ભારે ધસારો જોવા મળ્યો હતો... ઉનાળાની મોસમમાં ગુજરાતીની થાળીમાં કેરી કે કેરીનો રસ ના હોય એવું ભાગ્યે જ બનતું હોય છે... કેરી મહોત્સવમાં દેશની વિવિધ જાતની કેરીની સોડમ નગરજનોએ માણી હતી.... સાથે અનેકવિધ એક કેરી પર બીજી કેરી ગોઠવવી...., રસદાર કેરીને ઘોળીને ઝડપથી ખાવાની જેવી વિવિધ સ્પર્ધાઓમાં મહિલાઓ અને પુરુષોએ અદમ્ય ઉત્સાહ દાખવ્યો હતો... જે આ રાષ્ટ્રીય કેરી મહોત્સનું આકર્ષણ રહ્યું છે.... તો બીજી તરફ બાળકો માટે કેરી આકારના બલૂન્સ પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા... રવિવારે રજા હોવાથી બહોળી સંખ્યામાં નગરજનો આ મહોત્સવનો લાભ લેશે એવું વર્તાઈ રહ્યું છે...

# એડવાન્સ મિલ્કત વેરો ભરવામાં વળતરની યોજના ૧૬ જુન સુધી લંબાવવાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપા દ્વારા એડવાન્સ મિલ્કતવેરો ભરનારાઓને વળતર આપવાની યોજના ૧૬ જુન સુધી લંબાવવામાં આવે તેવા સ્પ્ટ સંકેત મળી રહ્યા છે.

સોમવારે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની મળનારી બેઠકમાં આ અંગે દરખાસ્ત રજુ થશે અને તેમાં ચર્ચા વિચારણાને અંતે આખરી નિર્ણય લેવામાં આવશે.

શહેરમાં નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાંથી મિલ્કતોના સર્વેની જે ક્ષતિઓ સામે આવી છે તેમજ સોફટવેરમાં પણ રહેલી ક્ષતિઓ ધ્યાને આવી છે ત્યારે તંત્રએ આ મુદતમાં વધારો કરવો જોઈએ જેથી નગરજનોને પુરતો લાભ યોજનાનો મળી શકે તેવી રજુઆત કરી છે.

મનપાના તંત્રને ૨૫૦૦થી વધુ ફરિયાદો આ અંગે મળી છે તેમાંથી ૬૦ ટકા કરતાં વધુ ફરિયાદોનો નિકાલ જરૂર થઈ ગયો છે પરંતુ તેમાં રજુઆતકર્તાઓને થયેલ અન્યાયની નોંધ પણ લેવાઈ છે.

ગાંધીનગર શહેરમાં ૧૮ ગામ અને એક ન.પા. વિસ્તાર ભેળવી દેવામાં આવ્યો છે અને આ વિસ્તારમાંથી લગભગ ૧.૫૦ લાખ જેટલી મિલ્કતો નોંધાઈ છે.

શહેરમાં મિલ્કતવેરાની આવક આ વખતના અંદાજની સામે ૪૫ ટકા જેટલી આવક થઈ ચુકી છે અને હજુ આ લાભ વધુ લોકો સુધી પહોંચી શકે તે માટે સ્થાયી સમિતિમાં નિર્ણય લેવામાં આવશે.

આ વળતર યોજનાનો લાભ આમેય પાંચ દિવસ મોડો શરૂ થયો હતો તેમજ લગ્નસરાની સિઝન અને બધુ ધ્યાને રાખી સકારાત્મક રીતે સ્થાયી સમિતિમાં ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

# સેકટરોમાં પાણીની સમસ્યાને ડામવા હયાત લાઈનને પણ યોગ્ય કરાશે

**દાયકાઓ જુની લાઇન કટાઇ જતા સેકટરોમાં પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે : હાલ નવી લાઇન નાંખવાનુ કામ પુર્ણ થતા હજુ દોઢ બે વર્ષનો સમય લાગે તેમ છે ત્યારે કેટલાક પોકેટમાં જુની લાઇનને પણ યોગ્ય કરવી અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે હાલ સેકટરોમાં નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે નવી લાઈન નાંખવાની આ કામગીરી પુર્ણ થતા હજુ દોઢ બે વર્ષનો સમય લાગે તેમ છે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં ઉઠતી પાણીની પોકારને ડામવા માટે કેટલાક ઠેકાણે દાયકાઓ જુની લાઈનનુ કામ હાથ ધરવુ પણ અનિવાર્ય છે. જેને ધ્યાનમાં રાખી સેકટરોના કેટલાક પોકેટમાં જુની લાઈનને યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા કામ હાથ ધરવામાં આવશે આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે જો કે હજુ આ કામગીરીને અનુલક્ષી કોન્ટ્રાકટરો પણ રસ દાખવતા ન હોવાના લીધે કામ વિલંબમાં પડે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ સેકટરોમાં નવી પાઈપલાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. સાડા ચાર દાયકાના અંતે શહેરના વસતી અને વિકાસને ધ્યાનમાં રાખી સમગ્ર પાણીની લાઈન બદલવા માટે આયોજન કરાયુ છે. નવી લાઈન નાંખવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જો કે નવી લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થતા હજુ દોઢ થી બે વર્ષના સમય લાગે તેમ છે. જયારે આ દરમિયાન સેકટરોમાં વારંવાર પાણીની બુમ પણ ઉઠવા પામે છે. ત્યારે હાલની પાણીની લાઈનનુ નેટવર્ક પણ યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા કામ હાથ ધરાશે જેમાં લાઈનમાં ભંગાણ થયુ હોય અગર લાઈન અત્યંત કંગાળ હાલતમાં હોય તો તે પોકેટમાં જુની લાઈન બદલી નાંખવામાં આવશે જેથી હાલના સંજોગોમાં પણ સેકટરોમાં ઉભા થતા પાણીના પ્રશ્નને નિવારી શકાય શહેરમાં દાયકાઓ પુર્વે નાંખવામાં આવેલી કાસ્ટ આર્યનની લાઈનની લાઈફ પુરી થઈ ગઈ છે. જયારે હાલ પાણીની સમસ્યાને ડામવા માટે હયાત લાઈનને પણ યોગ્ય કરવા માટે કામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. પરંતુ આ કામગીરી માટે કોન્ટ્રાકટર પણ મળતા નથી. શહેરમાં દાયકાઓ પુર્વે નાંખવામાં આવેલી કાસ્ટની લાઈન પણ કાટ ખાઈ ગઈ છે જેના લીધે સપ્લાયની લાઈન પણ બિનઉપયોગી થઈ રહી છે. જેના લીધે પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. કેટલાક ઠેકાણે પાણી આવતુ નથી જયારે કેટલાક ઠેકાણે ગંદુ પાણી આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. પાણી પુરતા દબાણથી ન આવતુ હોવાની ફરિયાદો પણ સેકટરોમાં મુખ્ય બની છે. જેના પાછળ જુની લાઈનમાં લીકેજીસ વધુ હોવાની પણ ફરિયાદો વધી છે. જેથી સપ્લાય પણ પુરતા ફોર્સથી થતો નથી. આ મામલે તંત્રની હાલત એક સાંધે ત્યાં તેર તુટે તેવી છે. સેકટરોમાં આ સ્થિતિ વચ્ચે સતત પાણીનો સપ્લાય ડિસ્ટર્બ થતો હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. પાટનગર યોજના વિભાગના જણાંવ્યા મુજબ સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે ત્રીજા માળ સુધી પણ પુરતા દબાણથી પાણી સપ્લાય થાય તેવી પણ લાગણી પ્રબળ બની છે. પાણીના પમ્પીંગ સ્ટેશનની જુની મશીનરી પણ બદલવાની કામગીરી ચાલી રહી છે. જયારે પાણીનો બગાડ ન થાય તે માટે પણ નગજનોએ જાગૃત થવાની અનિવાર્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સંજય શાહના ભ્રષ્ટ્રાચારની તપાસ સઘન રીતે કરવા કમિટીની રચના

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટોર શાખામાં ફરજો બજાવતા વહીવટી અધિકારી સંજય શાહને સસ્પેન્ડ કરાયા બાદ ભ્રષ્ટ્રાચારના કિસ્સાઓની તપાસ માટે એક કમિટીની પણ રચના કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પ્રાથમિક તપાસ દરમ્યાન ૪ જેટલા ટેન્ડરોમાં નાણાંકીય ગેરરીતિની જે હકીકતો સામે આવી છે તેને લઈ સૌ ચોંકી ઉઠ્યા છે. આથી કમિટી રચી અને વધુ તપાસ હાથ ધરી જરૂર પડ્યે કાનૂની રાહે પગલાં લેવાના વિકલ્પ પર પણ વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

સોમવારે સ્થાયી સમિતિની બેઠક મળવાની છે ત્યારે આ પ્રકરણ પર ચર્ચા થાય તેવા સંકેતો મળી રહ્યા છે. આ તપાસમાં અન્ય કોણ કોણ સંડોવાયેલા છે તે અંગે પણ તપાસ કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. મનપાની તિજોરીને જે રીતે આર્થિક નુકશાન પહોંચાડવામાં આવ્યુ છે તેની ગંભીર નોંધ લેવાઈ હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ ટુકડે ટુકડે ખરીદી નહિ કરવા માટે કરેલા પરિપત્રનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યાની વાતો ચર્ચાઈ રહી છે. ત્યારે સોમવારની સ્થાયી સમિતિની બેઠક પર સૌની નજર મંડાયેલી છે.

# રાજ્યમાં કોરોનાના ૩૭ કેસ નોંધાયા : ૩૧ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં કોરોનાના નવા ૩૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૧ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૯૫૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૭૫,૬૧૦ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૦ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી.

# શહેરમાં કોરોનાના વધુ બે કેસ નોંધાયા : ૪ ડિસ્ચાર્જ

## સે. ૨૮માં મહિલા અને વાસણા હડમતિયામાં અમદાવાદ નોકરી કરતો યુવાન સંક્રમિત થયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસ નોંધાયા નથી.

શહેરમાં જે રીતે કોરોનાના કેસોની સંખ્યા વધી રહી છે અને કોરોના ગાઈડલાઈન્સના પાલનમાં લોકો જે રીતે બેફિરાઈથી વર્તી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં શૈક્ષણિક સંકુલો ઉપરાંત છુટા છવાયા વિસ્તારોમાંથી પણ કેસો મળતા થયા છે. સંક્રમિત લોકોના સંપર્કમાં આવવાથી ચેપ પ્રસરી રહ્યો છે. જો કે કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે તેથી તંત્રને રાહત જરૂર છે. છેલ્લા બે મહિનામાં છુટા છવાયા કેસો મળ્યા છે પણ હોસ્પિટલાઈઝેશન સૌથી ઓછુ હોવાથી પણ તંત્રને રાહત છે. જો કે જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્ર એલર્ટ મોડ પર જરૂર છે.

શહેરમાં આજે બે કેસ વધુ નોંધાયા છે જેમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. એન.આઈ.ડી.માં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને આજે એક પણ કેસ નહિ નોંધાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં આજે સે. ૨૮માં ગઈકાલે નોંધાયેલ દર્દીના પરિવારના મહિલા સભ્ય કોરોનાથી આજે સંક્રમિત થયા છે.

જ્યારે બીજો કેસ વાસણા હડમતિયા ગામેથી ૪૭ વર્ષીય પુરૂષનો મળ્યો છે. આ ભાઈ રોજ તેમની નોકરીને લઈ અમદાવાદથી અપડાઉન કરતા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૨૧ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે. કેટલાક દર્દીઓ સંક્રમિત થયેલા દર્દીના સંપર્કમાં આવવાથી સંક્રમિત થયાનું તંત્રના ધ્યાને આવતાં આ અંગેના નિયમોની અમલવારી કડક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.



પ્રિ-મોન્સુન એકટીવીટીના ભાગરૂપે શહેરમાં વાદળોની અવરજવર વધી છે. પવનની ગતિ તેજ બની છે. જો કે વરસાદી ઝાંપટા પડયા ન હોવાથી હજુ ગરમી યથાવત રહી છે. ભેજનું પ્રમાણ વધતા બફારો ખૂબ લાગે છે. ગરમી ખૂબ હોવાથી બપોરના સમયે માર્ગો એકદમ સુમસામ લાગે છે. વસાહતીઓ હજુ પણ બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

# મનપાની સોમવારે સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક દોઢ માસ બાદ સોમવારના રોજ બપોરે એક વાગે મળશે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં ૩૨ જેટલા મુદ્દાઓ સમાવાયા છે. બેઠક મોટા વિરામ બાદ મળી રહી હોવાથી સૌની નજર તેના પર મંડાયેલી છે.

આ બેઠકમાં ખુરશી, તિજોરી, સંગીતના સાધનોની ખરીદી ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈન અને પાણીની પાઈપલાઈનના નેટવર્ક અંગેના ટેન્ડરો પર પણ આખરી નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં પેથાપુરના રસ્તાઓના રિસરફેસીંગના ટેન્ડરો પર પણ નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત નવુ ડોગ કંટ્રોલ વાન તેમજ ફિલ્ડ કર્મચારીઓને અપાતા પેટ્રોલ એલાઈન્સના બદલે ૧૫ લીટર પેટ્રોલ આપવાની યોજના દાખલ કરવા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

આ બેઠકમાં રખડતા પશુઓ પકડવા વધુ બે પાંજરા ખરીદવા ઉપરાંત મનપામાં મેન પાવર પુરો પાડવા માટેના ટેન્ડર પર નિર્ણય લેવામાં આવી શકે છે.

ઉનાળો પુરો થવા આવ્યો ત્યારે મનપા ૧૦૦ જેટલા વૉટર કુલર ખરીદવા માટે પણ આ બેઠકમાં નિર્ણય લેશે તેમ જાણવા મળેલ છે.



ગ-૪ના અંડરબ્રીજનું કામ ગોકળગતિએ ચાલી રહ્યું છે. છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી અહીં અંડરબ્રીજનું કામ ચાલી રહ્યું હોવાથી ગ-૩ થી ગ-૫ વચ્ચેનો રોડ બંધ છે. વાહનચાલકોને ફરીને જવું પડે છે.

# મોંઘવારી ભથ્થુ ન મળતા એસ.ટી. નિગમના કર્મચારીઓ આગ બબુલા

**ડ્રાઇવર કંડકટરને પણ ગ્રેડ પે આપવામાં વિલંબ : અગાઉ આ મામલે કર્મચારીઓએ હડતાલ કરી હતી પરંતુ લાંબા સમયના અંતે પણ નિર્ણય ન લેવાતા કર્મચારીઓમાં અસંતોષની લાગણી**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર એસ ટી નિગમના કર્મચારીઓને મોંધવારી ભથ્થાના લાભ ન મળતા કર્મચારીઓમાં પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. કર્મચારીઓ આ મામલે અગાઉ પણ લડતના મંડાણ કરી ચુક્યા છે. જયારે આ મામલે વાહન વ્યવહાર મંત્રી તેમજ નિગમના એમ ડીને પણ આવેદનપત્ર આપી તેમની માંગ રજુ કરી છે. આમછતા હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો ન હોવાથી આગામી દિવસોમાં એસ ટી ના કર્મચારીઓ ,મજદુર સંઘ અને મજુર મહાજન સહીતના સભ્યો તેમની લડત સંદર્ભે નવા મંડાણ કરશે તેવો આક્રોશ પણ કર્મચારીઓ ઠાલવી રહ્યા છે.

કોરોના કાળ બાદ મોંઘવારીએ માથુ ઉંચકતા ગરીબ અને મધ્યમવર્ગની હાલત અત્યંત કફોડી બની છે. જેના લીધે આમ નાગરિકોના ઘરનુ બજેટ પણ ખોરવાઈ ગયુ છે. આ સ્થિતિ વચ્ચે એક સર્વે મુજબ સરકારી નોકરી કરતા કર્મચારીઓએ પણ પગારમાં ઘર ચલાવાનુ આકરુ બન્યુ છે. જયારે મોંધવારીની બુમ વચ્ચે આમ નાગરિકોમાં રોષ વધ્યો છે. ત્યારે એસ ટી નિગમના કર્મચારીઓ પણ સરકારની નિતી સામે રોષ વ્યકત કરી રહ્યા છે. એસ ટી ના ૩૫ હજાર જેટલા કર્મચારીઓની જુની માંગણીનો હજુ સુધી અંત આવ્યો નથી કર્મચારીઓએ તેમના મોંધવારી ભથ્થા સહીત ડ્રાઈવર કંડકટરને ગ્રેડ પે આપવાની માંગણી કરી છે. સરકારી કર્મચારીઓની જેમ નિગમના કર્મચારીઓને પણ ૧૭ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવામા આવે તેમજ ડ્રાઈવર કંડકટરોને પણ ૧૮૦૦ થી ૧૯૦૦ નો ગ્રેડ પે આપવામાં આવે તેવી માંગણી પણ લાંબા સમયથી કરવામાં આવી રહી છે. આ માંગણીઓને અનુલક્ષી અગાઉ યુનિયન દ્વારા હડતાળ પણ કરવામાં આવી હતી પરંતુ હજુ લાંબા સમયના અંતે પણ આ પ્રશ્નોનો નિકાલ આવ્યો નથી જેના લીધે હજારો કર્મચારીઓ તેમજ તેમના પરિવારો પ્રભાવિત થયા છે. આ મામલે કર્મચારી મંડળ , મજુર મહાજન તેમજ ભારતીય મજદુર સંઘ દ્વારા અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ સુખદ ઉકેલ આવ્યો નથી. જયારે અગાઉ હડતાળ મામલે સરકાર સાથે સમાધાન થયુ ત્યારે પણ ડ્રાઈવર કંડકટરને ગ્રેડ પે આપવા સહીતના મુદ્દે હકારાત્મક વલણ અપનાવાયુ હતુ પરંતુ આજ દીન સુધી આ મામલે કોઈ કાર્યવાહી થઈ નથી જેના લીધે એસ ટી નિગમના ૩૫ હજાર જેટલા કર્મચારીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. આ મામલે આગામી દિવસોમાં યુનિયન કક્ષાએથી પણ લડતના નવા મંડાણ થાય તેવા પણ સંકેતો મળી રહ્યા છે. એસ ટી નિગમના કર્મચારીઓ પણ સરકારની આ નીતિ સામે ખફા છે કર્મચારીઓમાં પણ આ મામલે સતત ગણગણાટ થતો રહે છે. જયારે હવે આ સ્થિતિને અનુલક્ષી તેમજ તેમને યોગ્ય બાકી રહેતા લાભો મળે તે માટે પણ સતત માંગણીના અંતે કોઈ પરિણામ મળ્યુ ન હોવાનો આક્રોશ પણ વ્યકત કરી રહ્યા છે. ટુંકમાં આ મામલે કર્મચારી મંડળ કક્ષાએથી ઉગ્ર રજુઆત પણ કરવાનુ વિચારાયુ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મૃદુ છતાં મક્કમ નિર્ણાયકતા સાથે પારદર્શી પ્રશાસનની નવતર પહેલ

**વોટ્સએપ ગ્રુપ દ્વારા સંકલન, વિડીયો કોન્ફરન્સથી સુનાવણી અને સુચનો જેવા નવીન અભિગમ અપનાવાયા**

શ્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ, મિતભાષી છતાં મક્કમ નિર્ણાયકતા સાથે સામાન્ય માનવીથી લઈને રાજ્યસેવાના અદના વર્ગ-૪ અને વર્ગ-૩ના કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખી સંવેદનાત્મક નિર્ણાયકતાના સતત હિમાયતી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોને પણ નાના કર્મચારીઓને કામગીરીમાં સરળતા રહે, ઘર-પરિવારની દેખભાળ કે વૃદ્ધ માતા-પિતાની સારસંભાળમાં તેને સુવિધા મળે તેવી રીતે કર્મચારીઓની ફેરબદલી કરવાનો અભિગમ અપનાવવા સૂચનાઓ આપેલી છે.

એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ, ગંગાસ્વરૂપ, માંદગીના કિસ્સા, કે પતિ-પત્ની બે અલગ અલગ સ્થળે સેવારત હોય તેવા કિસ્સામાં પણ વિભાગ તથા સચિવાલય કક્ષાએ સહાનુભૂતિપૂર્વક વિચારી બદલીઓ કરવાના દિશાનિર્દેશો આપેલા છે.

મુખ્યમંત્રીશ્રીના આ દિશાનિર્દેશોને પગલે સંબંધિત વિભાગોએ પણ સંપૂર્ણ પારદર્શિતા -ટોટલ ટ્રાન્સપરન્સી સાથે આ પ્રક્રિયા હાથ ધરી છે.

તદ્દનુસાર પંચાયત વિભાગે માત્ર ચોવીસ જ કલાકમાં ૧૦૬૭ કર્મયોગીઓના આંતરજીલ્લા ફેરબદલીના હુકમ કર્યા છે રોજગાર અને તાલીમ વિભાગે વિડિયો કોન્ફરન્સિંગનો અદ્યતન રાહ અપનાવી ૧૧૬૫ કર્મીઓની પારદર્શી રીતે આંતર જિલ્લા ફેરબદલીઓ કરી છે.

કર્મયોગીઓના કલ્યાણ અને વહીવટી સુદ્રઢતા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ આગવા અભિગમને પરિણામે રાજ્યના ૨,૨૩૨ કર્મયોગીઓની આંતરજિલ્લા ફેરબદલી ખૂબ જ ટૂંકા ગાળામાં શક્ય બની છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com